નર્મદા જિલ્લા પંચાયત સિંચાઇ વિભાગ તા.૧/૯/૧૯૯૮ થી ચાલુ થયેલ છે. આ વિભાગ હેઠળ નાંદોદ ,ડેડીયાપાડા, સાગબારા, અને તિલકવાડા તાલુકાના ગામડાઓમાં નાની સિંચાઇના કામો ખેતી માટે જીવાદોરી સમાન છે. નાની સિંચાઇના કામોનુ બાંધકામ ઝડપી કરી તેના લાભો તાત્કાલીક મળવાને કારણે મહત્વ વધારે છે. નાની સિંચાઇના કામોને વેગ આપવા વિભાગીય કચેરી તથા બે પેટા વિભાગો આવેલ છે.

૧.પંચાયત સિંચાઇ પેટા વિભાગ રાજપીપલા   ૨.પંચાયત સિંચાઇ પેટા વિભાગ ડેડીયાપાડા

નાની સિંચાઇના કામો અંતર્ગત અનુ. તળાવ, ચેકડેમ તેમજ પુર નિયંત્રણના કામો હાથ ધરવામાં આવે છે.

**નાની સિંચાઇ યોજના**

સને ૧૯૬૩ માં પંચાયતી રાજ અમલમાં આવતા હયાત સિંચાઇ તળાવોની મરામત તેમજ નિભાવણીની કામગીરી જિલ્લા પંચાયત સિંચાઇ વિભાગને સોપવામાં આવેલ છે. હાલમાં આવિભાગ હેઠળ બે નાની સિંચાઇ યોજના આવેલ છે. જેની સિંચાઇ ક્ષમતા ૩૨૫ હેકટર છે.

**ચેકડેમ યોજના**

જિલ્લામાં આવેલ વહેતા કોતરો ઉપર ચેકડેમો બાંધવામાં આવ્યા છે. (૧/૯/૯૮ પછી) જેમાં પાણીનો સંગ્રહ થતા ભુગર્ભ જળ ઉપર આવ્યા છે. પુનઃ વસાહતોમાં આ કામ ઉપયોગી છે. ચેકડેમોના કામો , નવીન તળાવો,તળાવ સુધારણા કામો,ચેકડેમો સુધારણા, નાની સિંચાઇ સુધારણા કામો,પુર સંરક્ષણ દિવાલ, જુથ કુવાના કામો હાથ ધરી નાની સિંચાઇની સગવડ ઉભી કરેલ છે. જેથી ત્યાંના ખેડુતોને તથા પ્રજાને પ્રત્યક્ષ તેમજ પરોક્ષ સિંચાઇના લાભો મળશે.

**વિભાગીય કચેરી તેમજ પેટા કચેરી હેઠળનુ મહેકમ**

| અનં | જગ્યાનું નામ | વિભાગીય કચેરી | | રાજપીપલા પે.વિ | | ડેડીયાપાડા પે.વિ. | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર | ભરાયેલ | મંજુર | ભરાયેલ | મંજુર | ભરાયેલ | મંજુર | ભરાયેલ |
| ૧ | કા.ઇજનેર | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૨ | ના.કા.ઇજનેર | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૨ | ૦ |
| ૩ | મદદનીશ ઇજનેર | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૪ | અ.મદદનીશ ઇજનેર | ૨ | ૨ | ૨ | ૨ | ૧ | ૦ | ૫ | ૪ |
| ૫ | વિ.હિસાબનીશ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | નકશાકાર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | સિનીયર કલાર્ક | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૩ | ૦ |
| ૮ | જુનીયર કલાર્ક | ૧ | ૧ | ૨ | ૦ | ૧ | ૧ | ૪ | ૨ |
| ૯ | રેખનકાર | ૧ | ૧ | ૧ | ૧ | ૦ | ૦ | ૨ | ૨ |
| ૧૦ | ટાઇપીસ્ટ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૧૧ | ડ્રાઇવર | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ |
| ૧૨ | પટાવાળા | ૧ | ૧ | ૨ | ૨ | ૧ | ૦ | ૪ | ૪ |
| ૧૩ | ચોકીદાર | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| ૧૪ | ર્વક આસી. | ૦ | ૦ | ૨ | ૨ | ૦ | ૦ | ૨ | ૨ |
| ૧૫ | કુલ | ૧૦ | ૭ | ૧૨ | ૭ | ૬ | ૩ | ૨૮ | ૧૭ |

## કામોની પ્રગતિ

| અનં | કામનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | ચેકડેમોના | ૩૦૫ |
| ૨ | નવીન તળાવો | ૧૦૫ |
| ૩ | તળાવ સુધારણા | ૧૧ |
| ૪ | ચેકડેમો સુધારણા | ૭ |
| ૫ | નાની સિંચાઇ સુધારણા | ૦ |
| ૬ | પુર સંરક્ષણ દિવાલ | ૦ |
| ૭ | ઉદવહન સિંચાઇ યોજના | - |
| ૮ | ઓવારા સુધારાણા | - |
| ૯ | ટયુબવેલ પાઇપલાઇન | - |
| ૧૦ | કોઝવે | - |
| ૧૧ | જુથ કુવાના કામો | ૦ |
| ૧૨ | પરચુરણ કામો | - |
| ૧૩ | કુલ | ૪૨૮ |

### નર્મદા જિલ્લા પંચાયત સિંચાઇ વિભાગ હસ્તક નાણાકિય લક્ષ્યાંક સામે થયેલ ખર્ચની (લાખમાં) વિગત નીચે મુજબ છે.

| અ | સદરની વિગત | ૨૦૧૪-૨૦૧૫ | |
|---|---|---|---|
| | | ગ્રાંટ | ખર્ચ |
| ૧ | ૨૭૦૨ માઇનોર ઇરીગશન પ્લાન | ૧૨૫.૯૧ | ૯૪.૮૧ |
| | ૧.૮૦ જનરલ એડમીનીસ્ટ્રેશન | ૦.૦૦ | ૦.૯૭ |
| | ૨.૦૫૨ મશીનરી એન્ડ ઇકવીપમેન્ટ | ૦.૦૦ | ૧.૬૯ |
| | ૩.કન્સ્ટ્રીગ એન્ડ ડીપનીગ ઓફ વેલ્સ એન્ડ ટેન્કસ | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૪.ઇન્પ્રુમાન્ટટુ.સીડી એન્ડ પી.ડી. | ૦.૦૦ | ૨.૫૬ |
| | ૫.ઓ.એમ. આઇ. વર્કસ | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૬.(૩) સ્પે.રીપેર્સ વર્કસ | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૭.(૭)સ્પે.રીપેર્સ ફોર ૨૦૦૧-૨૦૦૧ | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૮૧૦૧ વોટર ટેન્કસ કન્સ્ટ્ર.અન્ડ ડીપનીગઓફ વેલ્સ એન્ડ ટેન્કસ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨ | ૨૭૧૧ ફલ્ડ કન્ટ્રોલ એન્ડ ડ્રેનેજ પ્લાન | - | - |
| | ૧.વેરીયર્સ ડિવઝિન ફોર ફલ્ડ કન્ટ્રોલ વકસ | ૧૩.૬૩ | ૦.૦૦ |
| | ૨.વકર્સફોર ફલ્ડ કન્ટ્રોલ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૩ | ૨૭૦૨ એમ.આઇ. નોન પ્લાન | - | - |
| | ૧.૭૯૪અસેન્ટ્રલ આશિષ્ટ કન્સ્ટ્રીગ એન્ડ ડીપનીગ ઓફ વેલ્સ એન્ડ ટેન્કસ | ૭.૦૦ | ૦.૦૦ |
| | ૨. ઓ આઇ.એમ વકર્સ | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૩.૧૦૧ વોટર ટેન્કસ | ૭.૦૦ | ૨.૪૪ |
| | ૪.૧૦૩ ડાયવરઝન સ્કીમ | ૫.૦૦ | ૦.૦૦ |
| | ૪૭૦૨સીઓઅમઆઇ ૨૧૦ ડીસીલ્ટીગ | - | - |
| ૪ | ૨૭૧૧ ફલ્ડ કોન્ટ્રોલ પાણીના નિકાલના કામો | - | - |
| | ૧.એન.એન્ડ આર.ટુ એફ સી ડબલ્યુ | ૦.૦૦ | ૦.૦૦ |
| | ૨.એન.એન્ડ આર.ટુ ડેનેજ વકર્સ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૫ | ૪૭૦૨ સીઓઅમઆઇ પ્લાન ૨૧૦ ડીસીલ્ટીગ | ૦.૦૦ | ૦.૦૦ |

# પ્રકરણ-૧૩

## આરોગ્ય શાખા

ભારત સરકાર અને ગુજરાત રાજયની ગ્રામ લક્ષી આરોગ્ય સુવિધાઓ માટે અપનાવવામાં આવેલ લોકાભિમુખ અભિગમ અને લોક આરોગ્યની સ્થિતીમાં સુધારો લાવવા માંટે આરોગ્ય ધ્યેયની સિધ્ધ માટે ઘણી યોજનાઓ  અમલમાં મુકવામાં આવેલ છે. આયોજના ભાગરૂપે  વર્ષ દરમ્યાન આરોગ્ય ક્ષેત્રે  જિલ્લા પંચાયત નર્મદા તરફથી જે અમલવારી કરવામાં આવે છે.

૧.જિલ્લામાં આવેલ સિવિલ હોસ્પીટલ/સામૂહિક આારોગ્ય અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો.

| અનં. | સેવાનું નામ | નાંદોદ | ગરૂડેશ્વર | ડેડીયાપાડા | સાગબારા | તિલકવાડા |
|---|---|---|---|---|---|---|
| ૧ | સિવિલ હોસ્પીટલ | રાજપીપલા | | - | - | - |
| ૨ | પ્રોજેકટ હોસ્પીટલ | - | કે.કોલોની | - | - | - |
| ૩ | સી.એચ.સી. | - | ગરૂડેશ્વર | ડેડીયાપાડા | સાગબારા | તિલકવાડા |
| ૪ | પી એચ.સી. | લાછરસ | બોરીયા | ગોપાલીયા | પાટલામહુ | વજેરીયા |
| | | તરોપા | જેતપુર | મંડાળા | કોલવાણ | બુજાઠા |
| | | નવારાજુવાડીયા | ઝરીયા | સોલીયા | દેવમોગરા | .અગર |
| | | સિસોદ્રા | - | ખેડીપાડા | સેલંબા | - |
| | | જેસલપુર | - | ગંગાપુર | - | - |
| | | ખુટાંઆંબા | - | જુના મોઝદા | - | - |

## મહેકમની વિગત

| અનં | મહેકમની વિગત હોદ્દો | મંજુર | ભરાયેલ | ખાલી |
|---|---|---|---|---|
| ૧ | મુ.જિલ્લા આરોગ્ય અધિકારી | ૧ | ૧ | ૦ |
| ૨ | અધિક જિલ્લા આરોગ્ય અધિ. | ૧ | ૧ | ૧ |
| ૩ | આર. સી.એચ.ઓ. | ૧ | ૦ | ૧ |
| ૪ | મલેરીયા અધિકારી | ૧ | ૧ | ૦ |
| ૫ | એપેડેમીક મેડીકલ ઓફિસર | ૧ | ૧ | ૦ |
| ૬ | વહિવટી અધિકારી | ૭ | ૦ | ૭ |
| ૭ | સંશોધન મદદનીશ | ૦ | ૦ | ૦ |
| ૮ | આંકડા મદદનીશ | ૩ | ૧ | ૨ |
| ૯ | વિભાગીય હિસાબનીશ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | પી.એચ.એન. | ૨ | ૦ | ૨ |
| ૧૧ | લેબટરી ટેકનીશીયન | ૨૩ | ૫ | ૧૮ |
| ૧૨ | હેલ્થ સુપરવાઇઝર | ૨૫ | ૧૪ | ૧૧ |
| ૧૩ | નાયબ ચિટનીસ | ૨ | ૦ | ૨ |
| ૧૪ | સીનીયર કર્લાક | ૩ | ૧ | ૨ |
| ૧૫ | જુનિયર કર્લાક | ૪ | ૪ | ૦ |
| ૧૬ | ડ્રાઇવર | ૨૩ | ૦ | ૨૩ |
| ૧૭ | પટાવાળા | ૨ | ૨ | ૦ |
| ૧૮ | ટાઇપીસ્ટ | ૧ | ૧ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯ | શાળા આરોગ્ય મદદનીશ | ૨ | ૨ | ૦ |
| ૨૦ | ડીસ્ટીક સેનેટરી ઇસ્પેકટર | ૧ | ૧ | ૦ |
| ૨૧ | પેરા મેડીકલ આસીસ્ટન્ટ | ૧ | ૧ | ૦ |
| ૨૨ | જુનીયર ફાર્માસીસ્ટ | ૨૩ | ૨૧ | ૨ |
| ૨૩ | મદદનીશ જિલ્લા મલેરીયા અધિકારી | ૧ | ૦ | ૧ |
| ૨૪ | મેડીકલ ઓફિસર વૅગ (૨) | ૪૪ | ૧૨ | ૩૨ |
| ૨૫ | મેડીકલ ઓફિસર મોબાઇલ MBBS | ૩ | ૦ | ૩ |
| ૨૬ | મેડીકલ ઓફિસર | ૨૨ | ૮ | ૧૪ |
| ૨૭ | તાલુકા હેલ્થ ઓફિસર | ૫ | ૧ | ૪ |
| ૨૮ | F.H.W./A.N.M. | ૧૯૬ | ૧૩૮ | ૫૮ |
| ૨૯ | M.P.H.W. | ૧૭૬ | ૯૧ | ૮૫ |
| ૩૦ | ફીમેલ હેલ્થ સુપરવાઇઝર | ૨૮ | ૧૫ | ૧૩ |
| ૩૧ | લેપ્રેસી સુપરવાઇઝર | ૨ | ૦ | ૨ |
| ૩૨ | ઇ.સી.એસ. એસ. | ૧ | ૦ | ૧ |
| ૩૩ | લેપ્રેસી આસીસ્ટન્ટ | ૧૦ | ૧ | ૯ |
| ૩૪ | સ્લીપર | ૪૪ | ૨ | ૪૨ |
| ૩૫ | આયા | ૨૨ | ૩ | ૧૯ |
| ૩૬ | વોર્ડ બોય | ૨૨ | ૦ | ૨૨ |
| ૩૭ | સ્ટાફ નર્સ | ૪૮ | ૧૩ | ૩૫ |
| ૩૮ | મલેરીયા ફ્રમાસીસ્ટ | ૧ | ૦ | ૧ |
| ૩૯ | મલેરીયા લેબ ટેકનીશીયન | ૧ | ૦ | ૧ |

૨. **મોબાઇલ કોમપ્રીહેન્સીવ કેર યુનીટઃ-** જિલ્લાના અંતરીયાળ અને દુર્ગમ વિસ્તારોમાં આરોગ્યોની સેવાઓ માટે સરકારશ્રી દ્વારા મોબાઇલ કોમપ્રીહેન્સીવ કેર યુનીટ નાંદોદ અને ડેડીયાપાડા તાલુકાના વિસ્તારોમાં આરોગ્યોની સેવાઓ પુરી પાડવાની ઉદાર ભાવના ધ્યેને હાંસલ કરવા સેવાઓ આપી રહેલ છે.

૩. **યુનિવર્સલ ઇમ્યુનાઇઝેશન કાર્યક્રમઃ-** રોગપ્રતિકારક રસી આપવાથી બાળકોમાં થતા છ ઘાતક રોગોને અટકાવી શકાય છે. તે માટે નર્મદા જિલ્લામાં યુનિવર્સલ ઇમ્યુનાઇઝેશન કાર્યક્રમ હેઠળ સાર્વત્રિક કાર્યક્રમ અમલમાં છે. આ કાર્યક્રમમાં આરોગ્ય વિભાગના તમામ કર્મચારી તથા સંકલિત બાળ વિકાસ યોજનાના મુખ્ય સેવિકા,આંગણવાડી કાર્યકરોને સાથે રાખી ગ્રામ્ય કક્ષાએ દરેક ગામમાં દર માસે એક વખત ૦ થી ૬ વર્ષના બાળકોને રસી આપવામાં આવે છે આ કાર્યક્રમને યુ.આઇ.પી. કાર્યક્રમ તરીકે સમગ્ર દેશમાં ઓળખવામાં આવે છે.આ કાર્યક્રમનો મુળભુત હેતુ રસીઓથી અટકાવી શકાય તેવા રોગોનુ પ્રમાણ ઘટાડી તેમજ છ ઘાતક રોગો અટકાવી બાળ મૃત્યના દરને નાથી શકાય તેવા પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે સાર્વત્રિક ઇમ્યુનાઇઝેશન કાર્યક્રમ હેઠળ વર્ષ દરમ્યાન નીચેની વિગતે સિધ્ધિ હાંસલ કરવામાં આવેલ છે.-

**૪.માતૃબાળ કલ્યાણ કાર્યક્રમઃ-**

નર્મદા જિલ્લામાં ૨૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કાર્યાન્વિત છે. ગ્રામ્ય કક્ષાએ માતૃબાળ કલ્યાણની સેવાઆ પુરી પાડવા માટે ગ્રામ્ય કક્ષાએ પેટા કેન્દ્ર પર માતૃબાળ કલ્યાણ કિલીનીક ચલાવવામાં આવે છે. આયર્ન ફોલીક એસીડની ગોળીઓનું વિતરણ કરવામાં આવે છે. પ્રસુતા સ્ત્રીઓને કિલીનીક દરમ્યાન લોહી પડવું,તાણ આવવી,લોહીનું દબાણ વધવું,પ્રસુતિનું વેદનાનું લંબાઇ જવું, પુલ તાવ આવવો,વધુ પાણી પડવું

વિગેરે લક્ષણો વિશે સમજ આપી આવા ચિન્હોવાળી સગર્ભા માતાને એફ.આર.યું. ખાતે સંદર્ભ સેવા માટે મોકલી પ્રસુતિ કરાવવી જોઇએ તેવું આરોગ્ય શિક્ષણ પુરૂં પાડવામાં આવે છે.

૫. **બાળ લકવા નાબુદી અભિયાનઃ-** બાળ લકવા એ બાળકોમાં થતો રોગ છે. જે જલદ (વાઇલ્ડ) વાયરસથી થાય છે. આ વાયરસ દર્દીઓના આંતરડામાં રહે છે. જેનાથી પાણી અને ખોરાક દુષિત થતા બાળકોને રોગ લાગુ પડી શકે છે. રાષ્ટ્રીય રસીકરણની સાથે સાથે પલ્સ પોલીયો ઇમ્યુનાઇઝેશના વધારાના બે રાઉન્ડ યોજવામાં આવે છે. જેમાં ૦ થી ૫ વર્ષના વય જુથના તમાંમ બાળકોને પોલીયોની રસીના ટીપા પીવડાવવામાં આવે છે. બાળકોમાં થતાં બાળ લકવા રોગને નાથી શકાય આ રસી આપવાને કારણે એકયુટ પેરાલીસીસના કેસો નહીવત જોવા મળે છે. આ કામગીરીને સફળ બનાવવા માટે સ્વૈછિક સંસ્થાઓ, આરોગ્ય કાર્યકરો તથા સંકલિત બાળ વિકાસ યોજનાના મુખ્ય સેવિકા,આંગણવાડી કાર્યકરો,શિક્ષકો તથા ગ્રામ આગેવાનોનો લોક સહકાર મેળવી આ સિધ્ધી હાંસલ કરવામાં આવેલ છે.

૬. **માતૃબાળ કલ્યાણ કાર્યક્રમઃ-** નર્મદા જિલ્લામાં ૨૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કાર્યાવિત છે. ગ્રામ્ય કક્ષાએ માતૃબાળ કલ્યાણની સેવાઆ પુરી પાડવા માટે ગ્રામ્ય કક્ષાએ પેટા કેન્દ્ર પર માતૃબાળ કલ્યાણ કિલીનીક ચલાવવામાં આવે છે. આયર્ન ફોલીક એસીડની ગોળીઓનું વિતરણ કરવામાં આવે છે. પ્રસુતા સ્ત્રીઓને કિલીનીક દરમ્યાન લોહી પડવું,તાણ આવવી,લોહીનું દબાણ વધવું,પ્રસુતિનું વેદનાનું લંબાઇ જવું,ફુલ તાવ આવવો,વધુ પાણી પડવું વિગેરે લક્ષણો વિશે સમજ આપી આવા ચિન્હોવાળી સગર્ભા માતાને એફ.આર.યું. ખાતે સંદર્ભ સેવા માટે મોકલી પ્રસુતિ કરાવવી જોઇએ તેવું આરોગ્ય શિક્ષણ પુરૂં પાડે છે.

| **રસીકરણનું વર્ષવાર લક્ષ્યાંક સિધ્ધિનું પત્રક** | | | | **એન્ટીનેટલ ઇન્ફન્ટ વિગત** | | | |
|---|---|---|---|---|---|---|---|
| **રસીનુ નામ** | લક્ષ્યાંક | સિધ્ધિ | ટકા | વિગત | લક્ષ્યાંક | સિધ્ધિ | ટકા |
| T.T.Mother | ૧૫૦૦૦ | ૧૧૩૭૫ | ૭૬.૦૦% | એન્ટીનેટલરજીસ્ટેશન | ૧૫૦૦૦ | ૧૧૯૪૦ | ૮૦.૦૦% |
| B.C.G. | ૧૩૬૩૬ | ૯૨૦૨ | ૬૭.૦૦% | ડીલીવરી રજીસ્ટેશન | ૧૩૬૩૬ | ૧૦૧૦૮ | ૭૪.૦૦% |
| D.P.T. | ૧૩૦૯૧ | ૯૭૮૨ | ૭૫.૦૦% | પોસ્ટનેટલ રજીસ્ટેશન | ૧૩૬૩૬ | ૯૯૫૧ | - |
| poliyo | ૧૩૦૯૧ | ૯૭૮૨ | ૭૫.૦૦% | ઇન્ફન્ટ રજીસ્ટેશન | - | - | - |
| ORI | ૧૩૦૯૧ | ૧૦૦૬૨ | ૭૭.૦૦% | જનની સુરક્ષના | - | - | - |
| Vitamin A I | ૧૩૦૯૧ | ૧૦૦૬૨ | ૭૭.૦૦% | ચિરંજીવી યોજના | - | - | - |
| puls poliyo | - | - | - | એમ.ટી.પી ના કેસો | - | ૭ | - |
| DPT/poliyo Buster | ૧૩૦૯૧ | ૯૪૨૭ | - | - | - | - | - |
| Vitamin A II | ૧૩૦૯૧ | ૪૬૭૨ | - | - | - | - | - |
| D.T. | ૧૨૮૮૧ | ૬૨૯૨ | - | - | - | - | - |
| T.T. ૧૦ વર્ષ ઉપર | ૧૨૪૪૩ | ૮૧૨૪ | - | - | - | - | - |
| T.T. ૧૬ વર્ષ ઉપર | ૧૧૮૭૧ | ૧૧૩૨૦ | - | - | - | - | - |

૭. **દાઇ તાલીમ યોજના :** ગ્રામ્ય વિસ્તારોમાં વંશપરંપરાગત રીતે કેટલીક બહેનો દાયણ તરીકેનુ કાર્ય કરે છે. તેઓને તાલીમ બધ્ધ કરવામાં આવે છે. અને ગ્રામ્ય કક્ષાએ સુવાવડ કરાવવા માટે મમતા કીટ(ડીલીવરી કીટ)નું વિતરણ કરવામાં આવ છે. તાલીમ આપેલ દાયણોને પ્રસુતિ કરાવવા માટે દાય કીટ સાથે સામાન્ય પ્રસુતિના કિસ્સામાં સગર્ભા બહેનોનું રજીસ્ટ્રેશન થયેલ હોય તો રૂા.૨૫/- ચુકવવામાં આવે છે. જોખમી પ્રકારની પ્રસુતિમાં દરેક કિસ્સામાં રૂા.૫૦/- ચુકવવામાં આવે છે. તેઓના સહયોગથી રશીકરણ,માતૃબાળ કલ્યાણ અને કુટુંબ કલ્યાણના કેસોને સમજાવવામાં આવે છે. અને સહકારથી આરોગ્ય કાર્યક્રમો સફળ બનાવવામાં આવે છે.

૮. **ચિરંજીવી યોજનાઃ** રાજયમા માતા મૃત્યનુ પ્રમાણ તેમજ બાળ મૃત્યનું પ્રમાણ ઘટાડવાના હેતુ માટે ચિરંજીવી યોજના અમલમાં મુકવામાં આવેલ છે. નર્મદા જિલ્લામાં ગરીબી રેખા હેઠળના પ્રસુતાઓને વિજય પ્રસુતિગૃહ રાજપીપલા ખાતે મફત પ્રસુતિ કરાવવા માટે આયોજન કરવામાં આવેલ છે.ટ્રાન્સપોર્ટેશનના પ્રસુતિ દીઠ ૨૦૦/- પ્રસુતાને તેમજ રૂા. ૫૦/- પ્રસુતા સાથે આવનાર દાયણ અથવા સહાયકને એટેન્ડન્ટ ચાર્જ ચુકવવામાં આવશે. ટ્રેઇન્ડ દાયણ પ્રસુતી કરાવે તો રૂા.૨૫/- ચુકવવામાં આવે છે. જોખમી પ્રકારની પ્રસુતિમાં દરેક કિસ્સામાં રૂા.૫૦/- ચુકવવામાં આવે છે. ગરીબી રેખા હેઠળના બી.પી.એલ લાભાર્થીઓને ૧૯ વર્ષથી ઉપરના પ્રસુતાઓને પ્રથમઅને બીજી પ્રસુતિ સમયે રૂા,૫૦૦/- ચુકવવામાં આવે છે.

૯. **જિલ્લામાં ગ્રામ્ય તથા શહેરી કક્ષાએ તબીબી સેવાઓ**:- વર્ષમા ગ્રામ્ય તથા શહેરી કક્ષાએ તબીબી સેવાઓ પ્રાથમિક આરોગ્ય કન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા સિવીલ હોસ્પીટલ મારફત નીચે મુજબની સેવાઓ આપવામાં આવેલ છે.

| અન | ઓ.પી.ડી.સારવાર | આઇ.પી.ડી. સારવાર | પી.એમ | એમ.એલ.સી. | સાપ કરડવાના કેશો | કુતરા કરડવાના કેશો |
|---|---|---|---|---|---|---|
| ૧. | ૨૫૪૦૪૨ | ૧૫૫૨૯ | ૨૯ | - | - | - |

**૧૦. ચેપી રોગ નિયત્રંણ કાર્યક્રમ:-** આ કાર્યક્રમ હેઠળ નર્મદા જિલ્લાના ૪ તાલુકાઓમાં કોઇ પણ પ્રકારનો રોગ ચાળો ન થાય તે માટે પૂર/અતિવૃષ્ટી/વાવાઝોડું/અછત જેવી કુદરતી આફતો વખતે રોગચાળો ન ફેલાય તે માટે અલગ એકશન પ્લાન અલગથી તૈયાર કરવામાં આવે છે. નર્મદા જિલ્લામાં ભરાયેલ તમામ લોકમેળામાં રોગચાળો ન ફેલાય, લોકોને કલોરીન યુકત સલામત પાણી પુરવઠો મળી રહે, જાહેર સ્વચ્છતા અંગે ચાપતાં પગલા ભરવામાં આવેલ છે. સતત ૨૪ કલાક આરોગ્ય વિષયક તબીબી સહાય મળે તેવું આયોજન  અને અમલીકરણ કરવામાં આવેલ છે.જિલ્લાના તમામ ગામોમાં પીવાના પાણીના કાયમી તથા વૈકલ્પીક સ્ત્રોતોની માહિતી લઇ નિયમિત કલોરીનેશન કરવામાં આવે છે .ઉપરોકત મુદ્દાસર કામગીરી નિયમિત થાય તે માટે સતત માસિક મીટીગમાં મોનીટરીગ કરવામાં આવે છે.

**૧૧. શાળા આરોગ્ય કાર્યક્રમ**: શાળા આરોગ્ય કાર્યક્રમ અન્વયે પ્રાથમિક શાળામાં ભણતાં ૫ થી ૧૪ વર્ષની વય જુથના તથા શાળામાં ન ભણતા આ જુથના બાળકોની આરોગ્ય તપાસણી કાર્યક્રમ આરોગ્ય કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ નવતર અભિગમ અપનાવી નર્મદા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ કરવામાં અવેલ છે. તપાસણી દરમ્યાન તમાંમ બાળકોની આરોગ્ય તપાસણી તબીબી અધિકારીશ્રીઓ તથા આરોગ્ય કર્મચારીઓની ટીમ દ્વારા કરવામાં આવેલ છે.સ્થળ ઉપર સારવાર આપવામાં આવે છે. સંદર્ભ સેવા પાત્ર બાળકોને એસ.એસ.જી. હોસ્પીટલ વડોદરા ખાતે નિષ્ણાંત તબીબી દ્વારા સારવાર આપવામાં આવે છે. આ કાર્યક્રમ દ્વારા હૃદય રોગની તકલીફવાડા બાળકોને કે. જે. મહેતા હાર્ટ ઇન્સ્ટીટ્યુટમાં સંદર્ભ સેવા આપી સારવાર આપવામાં આવે છે.નર્મદા જિલ્લા પંચાયત હસ્તકની તમામ પ્રા.શાળાઓ તથા આંગણવાડી કેન્દ્રમાં તપાસવામાં આવેલ છે.શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ દરમ્યાન પ્રાથમિક શાળાના બાળકોની સાથે સંકલીત બાળ વિકાસ સેવાના બાળકોની પણ આ કાર્યક્રમમાં આરોગ્ય તપાસણી કરવામાં આવેલ છે.શાળા આરોગ્ય તપાસણી કરવામાં આવેલ શાળાઓની વિગત.

| વિગત | સંખ્યા |
|---|---|
| કુલ શાળાની સંખ્યા | ૧૮૩૮ |
| કુલ બાળકોની સંખ્યા | ૧૬૧૩૦૭ |
| તપાસેલબાળકોની સંખ્યા | ૧૬૧૫૫૦ |
| સ્થળ ઉપર સારવાર | ૧૦૨૦૯ |
| સંદર્ભ સેવા પાત્ર | ૭૮૬ |
| બાળરાગ નિષ્ણાંત દ્વારા તપાસેલ | ૨૧૨ |
| આંખરોગ નિષ્ણાંત દ્વારા તપાસેલ | ૨૧૯ |
| દાંતરોગ નિષ્ણાંત દ્વારા તપાસેલ | ૨૬ |
| ચામડીરોગ નિષ્ણાંત દ્વારા તપાસેલ | ૫૦ |
| ઇએનટી નિષ્ણાંત દ્વારા તપાસેલ | ૯૦ |
| હૃદય રોગના બાળકો | ૨૪ |
| કીડની રોગના બાળકો | ૧ |
| કેન્સર રોગના બાળકો | ૧ |
| ચશ્મા વિતરણ | ૧૯ |
| દાદા દાદી મીટીંગ | ૪૨૬ |
| વાલી મીટીંગ | ૪૨૭ |
| ઇનામ વિતરણ | ૫૭૦ |
| ગ્રામ સભા | ૪૧૧ |

# પ્રકરણ-૧૪

## મેલેરીયાની કામગીરી

કેન્દ્ર પુરસ્કૃત મેલેરીયા નાબુદી કાર્યક્રમ વધુ લોક ભાગ્ય બને એ હેતુથી યોજનાકીય વિકેન્દ્રીકરણ કરી રાજય સરકારને સોંપાયેલ યોજના અસરકારક કાર્યક્રમ બની શકે તે હેતુથી ૧૯૭૮થી જિલ્લા પંચાયતોને આ કાર્યક્રમ સુપ્રત થયેલ છે. આ યોજનાનો લાભ જિલ્લા,નગર,ગ્રામવસાહત જેવા નાના એકમોને મળે તેવા ઘનિષ્ઠ પ્રયાસો જિલ્લા પંચાયત ધ્વારા હાથ ધરાયેલ છે.

આપણા દેશમાં સરકાર ધ્વારા મલેરીયા સંવેદનશીલ રાજયના વિસ્તારોમાં યોજનાકીય કાર્યક્રમ નક્કી કરેલ છે. રોગપ્રતિરોધક પ્રયાસો હાથ ધરવામાં આવે છે. નર્મદા જિલ્લાના ૪ તાલુકાઓમાં હેલ્થવર્કર (પુરૂષ) મ.પ.કે.કે. સુપરવાઇઝર ધ્વારા દર્દીઓના રોગોનું સર્વે કરવામાં આવે છે. અને તાવના દર્દીના બ્લડ સ્નીથર લઇ પ્રા.આ.કેન્દ્રની લેબોરેટરીમાં લેબોરેટરી ટેકશીયન ધ્વારા પરિક્ષણ કરવામાં આવે છે. જે દર્દીને ફલ્સીપેરમ જણાય તે દર્દીને રૂબરૂમાંજ સારવાર આપી રૂબરૂમાંજ તાવની ગોળીઓ ગળાવે છે.

**જંતુનાશ દવાનો છંટકાવઃ-**

મેલેરીયા,ડેંગ્યુ,ચીકનગુનિયા અને હાથીપગા રોગનો ઉદ્‌ભવ ન થાય તે હેતુથી જિલ્લાના સંવેદનશીલ વિસ્તારોમાં મચ્છરદાની આપી દર છ માસે દવા યુકત કરી આપવામાં આવે છે જંતુનાશક દવાનો છંટકાવ પણ કરવામાં આવે છે. તેમજ જયાં પાણી ભરાઇ રહેતું હોય તેવા વિસ્તારમાં એન્ટીલાર્વલ કામગીરીના ભાગરૂપે ગપ્પી ફીસ મુકવામાં આવે છે. જે પોરાઓને ભક્ષીને તેનો નાશ થતાં મચ્છર થતા નથી. જયાં આ શકય નથી ત્યાં બળેલું ઓઇલ પણ નાખવામાં આવે છે. ઘરમાં વાપરવાના પાણીના પાત્રોમાં અને બહારના પાણીના ખાડાઓમાં પોરાનાશક એબેટ દવા નાખીને મચ્છર ઉત્પતિ અટકાવવામાં આવે છે. આ ઉપરાંત જુન માસમાં ઘનિષ્ઠ મેલેરિયા માસનું આયોજન કરી લોકોને મલેરિયા નાબુદી માટેનું મલેરીયા વિરોધી ઘનિષ્ઠ અભિયાન ચલાવવામાં આવે છે. ઔષધિ વિતરણ નીચે મુજબ છે.

| અન | વિગત | સંખ્યા |
|---|---|---|
| ૧ | કલોરીકવીન ટીકડીનું વિતરણ | ૬૫૭૦૪૦ |
| ૨ | પ્રીમાકવીન ટીકડીનું વિતરણ :- (૧) ૨.૫ એમજી | ૧૦૫૦ |
|  | (૨) ૭.૫ એમજી | ૨૦૯૦ |
| ૩ | વર્ષ દરમ્યાન સોધેલ તાવના નમુના. | ૧૪૬૨૭૨ |
| ૪ | વર્ષ દરમ્યાન શોધેલા મેલેરિયાના પ્રોઝીટીવ કેસ | ૨૩૬ |
| ૫ | વર્ષ દરમ્યાન શોધેલ પી.એફ. કેસ | ૪૫ |
| ૬ | વર્ષ દરમ્યાન સારવાર આપેલ . કેસ | ૨૩૬ |
|  | જંતુનાશક દવા છંટકાવ કામગીરી :- દવાનુ નામ :- સીન્થેટીક પાયરેથ્રોઇડ |  |
| ૭ | દવા છંટકાવ હેઠળ આવરી લીધેલ વસ્તી | ૬૬૦૭૦ |
| ૮ | દવા છંટકાવ હેઠળ આવરી લીધેલ કેન્દ્ર |  |
| ૯ | દવા છંટકાવ હેઠળ આવરી લીધેલ ગામો | ૫૭ |
| ૧૦ | જંતુનાશક દવા છંટકાવના રાઉન્ડ. | ૨ |
| ૧૧ | પોરાભક્ષક માછલી નાખેલ સ્થળો (તળાવ) | - |
| ૧૨ | દવાયુકત કરેલ મચ્છરદાની | - |

## પ્રકરણ-૧૫

# કુટુંબ કલ્યાણની કામગીરી

જિલ્લામાં કુલ ૨૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો દ્વારા જિલ્લાના છેલ્લા ગામ સુધી કુટુંબ કલ્યાણની સેવા પહોચાડવામાં આવે છે. ઘન્ષ્ઠિ પ્રચાર તથા અમલ માટે ફિમેલ હેલ્થ વર્કરો, મલ્ટીપરપઝ વર્કરો, સુપરવાઇઝરો, ટ્રેન દાયણો આંગણવાડી કાર્યકરો વિગરે કાર્યરત છે. કુટુંબ કલ્યાણ કાર્યક્રમ લક્ષ્યાંકો વસતીના ધોરણે ફાળવવામાં આવે છે. આવા લક્ષ્યાંકો કાયમી પધ્ધતિ,આંકડી,નિરોધ અને ઓરલ પિલ્સ માટે ફાળવવામાં અવે છે. પ્રા.આ.કેદ્રના કર્મચારીઓને વર્ષની શરૂઆતથીજ લક્ષ્યાંક ફાળવી દેવામાં આવે છે.

| અ.નં. | વિગત | લક્ષ્યાંક | સિધ્ધિ | ટકા |
|---|---|---|---|---|
| ૧ | ઓપરેશન | ૩૭૦૦ | ૨૬૨૩ | ૭૧% |
| ૨ | આંકડી | ૩૬૦૦ | ૩૪૨૯ | ૯૫% |
| ૩ | નિરોધ, | ૯૫૦૦ | ૪૦૬૦ | ૪૨.૭૩% |
| ૪ | ઓરલ પિલ્સ | ૧૩૦૦ | ૧૦૮૭ | ૮૩% |
| ૫ | એમ.ટી.પી | - | ૭ | - |

**નસબંધીઃ-**

નસબંધી ક્ષેત્રે ફાળવેલ લક્ષ્યાંકો સિધ્ધિ કરી જિલ્લાને રાજય કક્ષાએ સ્થાન અપાવવા માટે ખાસ સેવા કેમ્પોનુ આયોજન કરવામાં આવેલ કુટુંબ કલ્યાણ ઝુંબેશ દરમ્યાન ખાસ પ્રતિષ્ઠા કેમ્પોનુ આયોજન કરી ઝુંબેશને વેગવંતી બનાવવામાં આવેલ. માનનીય જિલ્લા વિકાસ અધિકારીશ્રીનુ સતત માર્ગદર્શન રહેલ છે. અને માનનીય કલેકટરશ્રીએ પણ વિવિધ તબક્કે માર્ગદર્શન આપેલ છે.

**કોપર ટીઃ-**

કોપર ટી બહેનો માટે ઉપયોગમાં લેવાની વન ટાઇપ પધ્ધતિ છે. તેના દ્વારા બાળકોનો ગાળો જાળવી શકાય છે. કોપર ટીની સેવાઓ પ્રા.આ. કેન્દ્ર ના અનુભવી તાલીમ પામેલા એચ.વી, ફીમેલ હેલ્થ વર્કર, તથા એ એન,એમ. દ્વારા મુકવામાં આવે છે. એક વખત માફક આવી ગયા પછી ૩ વર્ષ સુધી ગર્ભાશયમાં રાખી ગર્ભધાન અટકાવી શકાય છે.

**નિરોધઃ-**

નિરોધએ ગર્ભધાન અટકાવા માટે વપરાતુ ખાસ પ્રચલિત સાધન છે. જેનો બોહળો પ્રચાર કરવામાં આવે છે. પ્રા.આ.કેન્દ્ર, મલ્ટીપરપઝ વર્કરો, ડેપો હોલ્ડોર વગેરે મારતે મફત વહેચવામાં આવે છે. હાલમાં ઉંચી ગુણવતાવાળા લુબીકેટેડ નિરોધ પણ ઉપલબ્ધ છે.નિરોધ એઇડસ અને જાતિય રોગો અટકાવે છે.

**ઓરલ પીલ્સઃ-**

ઓરલ પીલ્સ બહેનો માટે ગર્ભધાન અટકાવા માટે મોઢેથી ગોળી ગળવાની પધ્ધતિ છે. આ સેવાઓ એચ.વી, ફીમેલ હેલ્થ વર્કર, તથા એ એન.એમ. દ્વારા ગ્રામ્ય કક્ષા સુધી પહોચાળવામાં આવે છે. નીયમીત સેવન કરવાથી ગર્ભધાન અટકાવી શકાય છે. આ સેવાઓ મફત પુરી પાડવામાં આવે છે. હોર્મોન્સની આ

ગોળી શરૂ કરતા પહેલા ચેકલીસ્ટ ભરી કેસ યોગ્ય જણાય તો જ માસિકના પાંચમાં દિવસથી શરૂ કરી શકાય છે. દરરોજ એક ગોળી લેવાની હોય છે.

**એમ.ટી.પી. :-**

એમ.ટી.પી. મેડીકલ ટર્મીનશન ઓફ પ્રેગનન્સી તેને કાયદા અન્વયે રક્ષણ આપવામાં આવેલ છે. માતાની તંદુરસ્તી જાળવવા માંટે ઉપરા-ઉપરી સુવાવડ દ્રારા બગડતી તબીયત સુધારી શકાય છે. જે કોઇ બહેનને ગર્ભપાત કરાવવાની ઇચ્છા હોય તો તેમની તમામ માહિતી કાયદા દ્રારા ખાનગી રાખવામાં આવે છે. આ સેવા જિલ્લાના માન્યતા પ્રાપ્ત પ્રા.આ. કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્ર તથા હોસ્પીટલોમાં મફત મળે છે. કાયદેસર ગર્ભપાતએ સ્ત્રીનો અધિકાર છે. જે સલામત છે.

**માસ મીડીયા કાર્યક્રમ:-**

જિલ્લામાં કુટુંબ કલ્યાણના કાર્યક્રમના પ્રચાર શિક્ષણ અંગે વર્કશોપ દ્રારા ઘનિષ્ઠ આયોજન કરવામાં આવે છે. ઇન્ફરર્મેશન એજયુકેશન કોમ્યુનિકેશન ( આઇ.ઇ.સી. ) દ્રારા જિલ્લામાં કુટુંબ કલ્યાણના પ્રચાર સંકલન વિગરેનુ આયોજન કરવામાં આવે છે. ડી.આઇ.ઇ.સી.અધિકારી ,નાયબ ડી.આઇ.ઇ.સી.અધિકારી, પી. એમ.એન તથા એમ.ઇ.એમ. કર્લાક આ સેવાઓ બજાવે છે. વિવિધ પધ્ધતિ વિવિધ માધ્યમો દ્રારા આઇ.ઇ.સી. અભિગમથી લોક શિક્ષણ માટેનો કાર્યક્રમ લોક સમુદાયનો સહયોગ મેળવી આપવા ખુબજ અનિવાર્ય બનેલ છે.

**શૈક્ષણિક પ્રવૃતિ:-**

કુટુંબ કલ્યાણના કાર્યક્રમના અમલ અર્થે લોકોને કાર્યક્રમ પ્રત્યે આકર્ષવા અને તેમના બહોળા પચાર માટે દરેક ગામે રૂમ્સ શો ,પ્રદર્શન, જાહેર સભાઓ રેડીયો, વર્તાલાપ,લોકગીત પપેટ શો ભવાઇ, નાટકો અને શિબીરોનું આયોજન કરવામાં આવે છે અને તેના પ્રમાણમાં કાર્યક્રમો ગોઠવવામાં આવે છે.

**ફીલ્મ શો:-**

જિલ્લા કક્ષાએ પ્રા.આ.કેન્દ્રના વિસ્તારમાં ફીલ્મ શો પ્રદર્શન કરવાનું આયોજન કરવામાં આવે છે. જિલ્લાનું ફીલ્મ યુનિટ આ કાર્યક્રમો રજુ કરે છે. કુટુંબ કલ્યાણના કાર્યક્રમના અનુરૂપ મુખ્યત્વે ડોકયુમેન્ટરી ફીલ્મો બતાવવામાં આવે છે.

**પ્રશિક્ષણ શિબીર:-**

પ્રા.આ.કેન્દ્ર તરફથી નીયમીત રીતે દર માસે શિબીરોનુ આયોજન કરવામાં આવે છે. જેમાં કાર્યક્રમ પ્રત્યે અભિગમ કેળવવા લોક માહિતી માટે ચર્ચા વિચારણા કરવામાં આવે છે. ગ્રમ્ય કક્ષાના લોકોને આવી શિબીરો દ્રારા કુટુંબ કલ્યાણના કાર્યક્રમ અંગે અધ્યતન સંપૂર્ણ માહિતી પુરી પાડવા પ્રદર્શનો ગોઠવવામાં આવે છે. જેથી કાર્યક્રમ માટે વિશેષ જાણકારી આપી શકાય

## પ્રકરણ – ૧૬

# આયુર્વેદની કામગીરી

નર્મદા જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા, જિલ્લા પંચાયત સંચાલિત આયુર્વેદ -હોમીયોપેથીક યુનીટ તેમજ રા. સરકારના નિયંત્રણ હેઠળના આયુર્વેદ દવાખાનાઓનું નિયંત્રણ અને દેખરેખની કામગીરી કરે છે.

૧૯૯૯ મા નર્મદા જિલ્લામા બે **હોમીયોપેથીક દવાખાના** શરૂ કરવામાં આવેલ છે. હોમીયોપેથીક મેડીકલ ઓફીસર વર્ગ-૩ ફરજ બજાવે છે. આયુર્વેદ દવાખાઓમાં આયુર્વેદ ચિકિત્સા પધ્ધતિ હેઠળ સારવાર કામગીરી કરવામાં આવે છે. આ ઉપરાંત દરેક ગ્રામ્યપ્રજાને આયુર્વેદ સિધ્ધાંત મુજબ રોગ ન થાય અને લોકો સ્વસ્થ રહે તે માટે સ્વસ્થ વર્તનનું જ્ઞાન આપવામાં આવે છે. આયુર્વેદ ચિકિત્સા પધ્ધતિના પ્રચાર પ્રસાર માટે નાના / મોટા  કેમ્પોનું આયોજન કરવામાં આવે છે.આયુર્વેદિક ફાર્મસી રાજપીપલા, આહવા- ડાંગ અને જુનાગઢ ફાર્મસી પાસેથી ઓ.પી.ડી. ના પ્રમાણમાં દવાઓ ખરીદવામાં આવે છે.

### આયુર્વેદ  દવાખાનાઓની તાલુકાવાર વિગત

| અનં | તાલુકો | જિલ્લા પંચાયત સંચાલિત આયુર્વેદ  દવાખાના | સરકારીઆયુર્વેદ દવાખાના | હોમીયોપેથી યુનીટ |
|---|---|---|---|---|
| ૧ | નાંદોદ | રાજપીપલા , વાવડી | નરખડી, કોઠી-કેવડીયા  ગોરા | ભુછાડ |
| ૨ | ડેડીયાપાડા | કાકરપાડા, ચિકદા, આંબાવાડી, ડુમખલ, સગાઇ | ખેડીપાડા | - |
| ૩ | સાગબારા | સોરાપાડા, અમીયાર, રાણીપુર | - | સાગબારા |
| ૪ | તિલકવાડા | વોરા, સાવલી | - | - |

## ઓપીડીની વિગત

| ઓ.પી.ડી. | આયુર્વેદ ઓ.પી.ડી.દર્દીઓ | હોમીયોપેથી ઓ.પી.ડી.ના દર્દીએ | નિદાન કેમ્પ | સ્વસ્થવૃત દર્દીઓ | સુવર્ણપ્રાસન દર્દીઓ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૨૦૧૪-૧૫ | ૭૪૭૭ | ૫૧૨૩ | ૧૨૧૫ | ૭૭૦૯ | - | ૨૧૫૨૪ |

## પ્રકરણ – ૧૭

## સંકલિત બાળ વિકાસ યોજનાઓની કામગીરી

માનવ શકિતિનો વિકાસએ દેશના વિકાસ માટેનું અગત્યનું પરિબળ છે. માનવના શારિરીક, માનસિક અને સામાજીક વિકાસનો પાયો તેના બાળપણમાં નખાય છે. તે સમયે બાળકોને ખાસ કરીને સમાજના નબળા,રક્ષણ વિનાના બાળકોને સંકલિત રૂપે સેવા આપવામાં આવે તો બાળમૃત્યુ અને માંદગીનું પ્રમાણ ઘટાડી શકાય. બાળકો દેશની સર્વોચ્ચ મુડી છે અને તેમનો ઉછેર એક રાષ્ટ્રીય જવાબદારી છે. બાળકોના જન્મ પહેલા ગર્ભ અવસ્થામાં તથા ઊછેરના વયમાં તેમનો સંપૂર્ણ શારિરીક , માનસિક ,બૌધિક, તથા સામાજીક વિકાસ કાજે સેવાઓ પુરી પાડવાની સરકારની જવાબદારી બને છે.

ભારતના મોટાભાગના બાળકો અર્થિક રીતે પછાત, સામાજીક અવાતાવરણીય પરિસ્થિતિમાં રહે છે. જે તેમના શારિરીક ,માનસિક ,બૌધ્દ્રિક,તથા સામાજીક વિકાસમાં અવરોધ બની શકે છે. આ વિશાળ અને આરક્ષિત વસ્તીના વણપુરાયેલ જરૂરીયાતોના જવાબમાં ભારત સરકારે ગરીબતમ વસ્તીના બાળકોને બચાવી લેવાનો દર સુધારવા અને શાળાપૂર્વીય શિક્ષણ તથા માતાઓને આરોગ્ય અને પોષણ તેમજ શિક્ષણની તકો પુરી પાડવાની ખુબજ મહત્વકાંક્ષી અને સર્વગ્રાહી યોજના ૧૯૭૫માં સંકલિત બાળ વિકાસ યોજનાની સેવાઓની રોગ નિવારણ અને વિકાસના પ્રયત્ન તરીકે રચના કરવામાં આવી. બાળકના જન્મ પુર્વે ,જન્મ બાદ અને વિકાસના સમયગાળ દરમ્યાન તેઓનો સંર્વાગી વિકાસ થાય તે માટે જરૂરી સેવાઓ મળી રહે માટે બીજી ઓકટોબર ૧૯૭૫ ના રોજ થી આ યોજના ગુજરાતમાં સૌ પ્રથમ છોટાઉદેપુર ઘટકમાં શરૂ કરવામાં આવી. અખંડ ભરૂચ જિલ્લામાં સૌ પ્રથમ સને ૧૯૭૯-૮૦ ના વર્ષમા વાલીયા તાલુકામાં શરૂ કરવામાં આવેલ હતી અને ત્યારબાદ સમગ્ર જિલ્લાને સંકલિત બાળ વિકાસ યોજનાની સેવાથી આવરી લેવામાં આવેલ.

**૨જી ઓકટોબર ૧૯૯૭થી નવરચીત નર્મદા જિલ્લો** અસ્તિત્વમાં આવતા તેમાં સમાવિષ્ટ નાંદોદ, ડેડીયાપાડા, સાગબારા,અને વડોદરા જિલ્લામાંથી નર્મદા જિલ્લામાં સમાવેશ કરેલ તિલકવાડા તાલુકામાં આ યોજના અમલમાં છે. આ યોજનામાં ૦ થી ૬ વર્ષના બાળકો, સગર્ભા માતાઓ ધાત્રીમાતાઓને પુરક પોષણ આપવામાં આવે છે. અનોપચારીક પૂર્વપ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે. ઉપરાંત આરોગ્ય તપાસ,રાગે પ્રતિકારક રસીઓ, લોક શિક્ષણ આપવામાં આવે છે.

**યોજનાના હેતુઓ:-**

૧. ૦ થી ૬ વર્ષના બાળકોનુ આરોગ્ય અને પોષણનુ સ્તર સુધારવુ.
૨. બાળકોનો ,શારિરીક, માનસિક અને સામાજીક પાયો નાખવો.
૩. બાળકોમાં માંદગીનું પ્રમાણ ઘટાડવુ, બાળકોનુ અપુરતુ પોષણ અટકાવવુ, તેમજ શાળામાંથી ઉઠી જતાં બાળકોની સંખ્યા ઘટાડવી.
૪. ગ્રામ્ય માતાઓને પોષણ અને આરોગ્ય વિષયક શિક્ષણ આપવુ જેથી તેઓ તેમના બાળકોની યોગ્ય સંભાળ રાખી શકે અને તેઓનો પોષણ અને આરોગ્યનો દરજ્જો સુધારી શકે.

૫. બાળ વિકાસની યોજનાઓ અને અમલીકરણ માટે કાર્ય કરતા લાગતા વળગતા જુદા જુદા ખાતાઓ અને કાર્યકરો વચ્ચે સરળ સંકલન કરવું જેથી લાભાર્થી બાળકોનો સંર્વાગી વિકાસ થાય.

સદર યોજનાનું અમલીકરણમાં ભારત સરકાર ઉપરાંત યુનિસેફ તથા કેર સંસ્થાનો સિંહ ફાળો છે. સદર યોજનાનો મોટાભાગનો ખર્ચ ભારત સરકાર તથા રાજય સરકાર ઉપાડે છે. જયારે અધિકારીઓ માટે જિલ્લા પંચયત, કચેરીને ઉપયોગી અન્ય સાધન સામગ્રી તથા આંગણવાડી કેન્દ્રો માટે ચાર્ટસ, રમકડા, વજન કાંટા, ગ્રોથ ચાર્ટ, શૈક્ષણિક સાધનો યુનિસેફ તરફથી પુરા પાડવામાં આવે છે.

ભારત સરરકાર તથા રાજય સરકારના સહયોગથી લાભાર્થી દીઠ ૧ રૂપિયાની જોગવાઇને ધ્યાનમાં લઇ લાભાથીઓ માટે પોષક આહાર ઘઉં /ચણા/ ચોખા / તેલ સીવીલ સપ્લાઇના ગોડાઉન પરથી મળી રહે તેવી વ્યવસ્થા કરેલ છે.લાભાથીઓને ઘઉં /ચણા/ ચોખા / તેલમાંથી બનાવેલ વાનગી પોષક આહાર તરીકે આપવામાં આવે છે. સંકલિત બાળ વિકાસ યોજના માટે વહીવટી માળખુ અમલીકરણ માટે જિલ્લા કક્ષાએ પ્રોગ્રામ અધિકારીશ્રી તથા કચેરી સ્ટાફ, તાલુકા કક્ષાએ બાળ વિકાસ યોજના અધિકારીશ્રી તથા કચેરી સ્ટાફ તથા ગ્રામ્ય કક્ષાએ માનદ્ વેતન મેળવતાં આંગણવાડી વર્કર તથા હેલ્પરની નિમણુંક કરવામાં આવેલ છે. અત્રેના નર્મદા જિલ્લામાં ચાર જ ઘટકો આવેલ હોવાથી પ્રોગ્રામ અધિકારીશ્રીની કચેરી માટે મહેકમ મંજુર થયેલ નથી પરંતુ જિલ્લા કક્ષાની કચેરી કામગીરી માટે આઇ.સી.ડી.એસ ઘટક નાંદોદની કચેરીના કર્મચારી પાસેથી કામગીરી કરાવવામાં આવે છે. આ યોજના હેઠળ ૦ થી ૬ વર્ષના બાળકો તથા સગર્ભા, ધાત્રી માતાઓને પુરક પોષણ આહાર આપવામાં આવે છે. તે ઉપરાંત આરોગ્ય તપાસ, રોગ પ્રતિકારક રસીઓ, લોકશિક્ષણ, અનૌપચારિક, પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે.

આંગણવાડી કેન્દ્રોની ભૌતિક સુવિધા આંગણવાડી કેન્દ્રો,બાંધકામ રીપેરીગ પાણીની સવલત વિગેરે માટે આયોજન કરવામાં આવે છે અને ગુજરાત પેટર્ન સરકારી ગ્રાન્ટમાં આ અંગેની દરખાસ્ત મોકલી બાળકોના આંગણવાડી કેન્દ્રોની સુવિધા સારી બને તે માટે પ્રયત્નો કરવામાં આવેલ છે.

સરકારશ્રીની વખતો વખતની સુચના અન્વયે એક પણ બાળક કુપોષણથી પીડાય નહી તેવા સતત પ્રયાસો જિલ્લા/તાલુકા અને ગ્રામ્ય કક્ષાની પંચાયતોના સહકારથી થઇ રહેલ છે અને એક તંદુરસ્ત સમાજની રચનામાં આપણે ભગીરથ પુરૂષાર્થ સાધ્યો છે.

**સ્તનપાન સપ્તાહઃ-**

દર વર્ષે ઓગષ્ટ માસમાં રાજયના તમામ આંગણવાડી કેન્દ્રોમાં સ્તનપાન સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. જેમાં ગામની તમામ સગર્ભા , ધાત્રીમાતાઓ ગામની કુમારીકાઓ તેમજ અન્ય બહેનોને એકત્રીત કરી સ્તનપાન સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. બાળકો માટે '' માતાનું ધાવણજ શ્રેષ્ટ આહાર છે.''જન્મ પછી તરત જ સ્તનપાન કરાવવું, ધાવણ કરાવવુ, પ્રસુતિ પછી માતાના સ્તનમાં જે પીળીયુ દુધ (કોલોસ્ટ્રન) આવે છે. તે ખુબજ રોગ પ્રતિકારક શકિત ધરાવે છે. જેથી જન્મ પછી બાળકને તરત જ ધવડાવું ૬ માસ સુધી માતાનું ધાવણ જ બાળકોનો સર્વોતમ ખોરાક છે. કોઇ પણ ખોરાક ઉપરથી આપવો નહી અને બોટલનું દુધ કદાપી નહી. માતાએ પોતાની સંભાળ અને બાળકની સંભાળની સમજ આપવામાં આવે છે.

**૨. રાષ્ટ્રીય પોષણ સપ્તાહઃ-**

દર વર્ષ  સપ્ટેમ્બર માસમાં રાજયના તમામ આંગણવાડી કેન્દ્રોમાં રાષ્ટ્રીય પોષણ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. જેમાં ગામની તમામ સગર્ભા , ધાત્રીમાતાઓ ગામની કુમારીકાઓ તેમજ અન્ય બહેનોને આંગણવાડી કેન્દ્ર ઉપર અકત્રીત કરી ઉજવણી કરવામાં આવે છે. બાળ તંદૂરસ્ત હરિફાઇ, વાનગી હરિફાઇ, ગૃહ શુસોભન હરિફાઇ રાખી માતા તથા બહેનોને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

**સંકલિત બાળ વિકાસ યોજનાનું વહિવટી માળખુઃ-**

નર્મદા જિલ્લામાં ચાર  આઇ.સી.ડી.એસ. ઘટક હોવાથી પ્રોગામ અધિકારીશ્રીની કચેરીનું મહેકમ મંજુર થયેલ ન હતું. પરંતુ ૨૦૦૯-૨૦૧૦માં વધુ બે ઘટક મંજુર થતા નીચે મહેકમ મંજુર કરવામાં આવેલ છે.

**મહેકમની વિગત**

| **અ.નં** | મહેકમની વિગત હોદ્દો | મંજુર | ભરાયેલ | ખાલી |
|---|---|---|---|---|
| **૧** | પ્રોગ્રામ અધિકારી | ૧ | ૦ | ૧ |
| **૨** | હેડ કર્લાક/ઓફિસ સુપ્રિટેન્ડન્ટ | ૧ | ૦ | ૧ |
| **૩** | આંકડા મદદનીશ | ૧ | ૦ | ૧ |
| **૪** | સિનીયર કલાર્ક | ૧ | ૧ | ૦ |
| **૫** | જુનીયર  કલાર્ક | ૧ | ૧ | ૦ |
| **૬** | ટાઇપીસ્ટ | ૦ | ૦ | ૦ |
| **૭** | ડ્રાઇવર | ૦ | ૦ | ૦ |
| **૮** | પટાવાળા | ૧ | ૦ | ૧ |
| **૯** | એકાઉન્ટ  (૧૧ માસ ) કરાર આધારિત | ૧ | ૧ | ૦ |

**સદરવાર મળેલ ગ્રાંટ તથા થયેલ ખર્ચની વિગત**

| પ્લાન | | | નોનપ્લાન | | |
|---|---|---|---|---|---|
| જોગવાઇ  સદર | મળેલ ગ્રાંટ | થયેલ ખર્ચ | જોગવાઇ સદર | મળેલ ગ્રાંટ | થયેલ ખર્ચ |
| ૨૨૩૬ | ૨૨૧૦૭૫૪૫૦ | ૨૦૪૧૩૨૨૦૮ | ૨૩૩૬ | ૩૮૦૦૦૦ | ૩૯૦૦૦૦ |

**નીચે મુજબના લક્ષ્યાંક સિધ્ધિની ઘટકવાર પ્રગતી થયેલ છે.**

| વિગત | **નાંદોદ** | **ડેડીયાપાડા** | **સાગબારા** | **તિલકવાડા** | **ગરૂડેશ્વર** | **કુલ** |
|---|---|---|---|---|---|---|
| મંજુર થયેલ આ. કેન્દ્રોની સંખ્યા | ૧૭૭ | ૩૦૩ | ૨૦૬ | ૧૧૭ | ૧૪૭ | ૯૫૦ |
| કાર્યાન્ત આ. કેન્દ્રોની સંખ્યા | ૧૭૭ | ૩૦૩ | ૨૦૬ | ૧૧૭ | ૧૪૭ | ૯૫૦ |
| લાભાર્થીઓનો લક્ષ્યાંક | ૧૧૪૮૩ | ૨૪૫૩૮ | ૧૫૧૬૯ | ૭૯૪૬ | ૯૪૧૯ | ૬૮૫૫૫ |
| લાભાર્થીઓની સધ્ધિ | ૧૩૬૨૦ | ૩૨૧૭૦ | ૧૮૮૭૩ | ૮૪૦૨ | ૯૯૦૦ | ૮૨૯૬૫ |

# પ્રકરણ-૧૮

## શિક્ષણ શાખા

નર્મદા જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, નર્મદા જિલ્લા હસ્તકના તમામ તાલુકાઓમાં પ્રાથમિક અને સરકારશ્રીની સંલગ્ન યોજનાના અમલ માટે નાંદોદ, તિલકવાડા, સાગબારા, ડેડીયાપાડા તાલુકાઓમાં કાર્યરત છે. નર્મદા જિલ્લા શિક્ષણ સમિતિ હસ્તક ૬૮૯ પ્રાથમિક શાળામાં તેમજ ૧૧૪ ગ્રામ ગ્રંથાલયો આવેલ છે. જિલ્લામાં શૈક્ષણિક સાહિત્ય અને યોજનાકીય જાગૃતિ અને વિદ્યાર્થીઓ માહિતગાર થાય, દ્રષ્ય-શ્રાવ્ય માધ્યમ ધ્વારા વિવિધ પ્રકારનું જ્ઞાન મેળવે તે માટે શાળામાં  ટેલીવિઝન સેટ અને સંગીતના સાધનો શાળાઓમાં આપવામાં આવેલ છે. બાળકોને બાહ્ય વધુ જ્ઞાન મળે તે હેતુસર શાળામાં ઇતર વાંચન પુસ્તકો પણ આપવામાં આવે છે. બાળકોને વિજ્ઞાન ક્ષેત્રે સારૂં જ્ઞાન પ્રાપ્ત થાય તે હેતુથી શાળાઓમાં વિજ્ઞાનના પુસ્તકો, ચાર્ટ પ્રયોગ શાળાના સાધનો વિગેરે આપવામાં આવેલ છે. પૂર્વ પ્રાથમિક શિક્ષણ  જેમના માટે ખુબ જરૂરી છે તેવા ૪ થી ૫ વર્ષની ઉપરવાળા બાળકોને ક્ષમતાલક્ષી અભિગમ અન્વયે ૧ થી ૭ ધોરણની શાળાઓ છે. શાળાઓમાં વિવિધ રંગીન ચિત્રોવાળા અને ઉલ્લાસમય વાતાવરણવાળા ધો-૧-૨ના ઓરડાઓનું બનાવવામાં છે. પ્રાથમિક શાળાઓના બાળકોને બૌધિક વિકાસ અને અક્ષરજ્ઞાન સહિત શૈક્ષણિક બાબતોમાં રસ જળવાય રહે અને ચલણથી માહિતગાર થવાના હેતુસર જીવન પગલી, ચાંદોપોથી અભ્યાસક્રમ અને આયોજન નવાસાક્ષરો માટે સાક્ષર બંધું વિગેરે સામાયિક પાક્ષિકો પુરા પાડી શિક્ષણ ક્ષેત્રે જાગૃતિ લાવવાનો પ્રયત્ન કરેલ છે. જિલ્લાની તમામ શાળાનું સંચાલન જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી,નર્મદા મારફતે કરવામાં આવે છે. શાળાઓમાં પ્રવેશત્સોવની ઉજવણી કરી બાળકોને શાળામાં દાખલ કરવામાં આવે છે.

**શાળા પ્રવેત્સવ કાર્યક્રમ:-** પ્રાથમિક શિક્ષણના સાર્વત્રીકરણનાં દયેયને હાંસલ કરવા શાળા પ્રવેશ પાત્ર કોઇપણ બાળક શાળા પ્રવેશથી વંચીત ના રહે તે માટે સઘન પ્રયાસના ભાગ રૂપે શાળા પ્રવેત્સવ કાર્યક્રમ યોજી બાળકોનુ નામાંકન કરવામાં આવે છે.  પ્રવેશત્સોવ ઉજવણી સમયે બાળકોના વાલીઓને માર્ગદર્શન આપી તમામ બાળકો શાળાએ આવે અને શિક્ષણ મેળવે તેવા સુચનો કરવામાં આવે છે.

શાળામાં બાળકોની સંખ્યાને ધ્યાનમાં લઇ શિક્ષકોની ખાલી જગ્યા ભરવા પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી ગાંધીનગર તરફથી મળતી મંજુરીના આધારે વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવે છે. અને એકપણ શાળા શિક્ષક વગરની ન રહે તેવા પ્રયત્નો આદરવામાં આવે છે. જિલ્લાનાં ઉંડાણમાં આવેલ તમામ ગામોમાં પૂરતા પ્રમાણમાં શિક્ષણ મળે તેની કાળજી લેવામાં આવે છે અને શાળામાં ખુટતાં ઓરડાઓનું અદ્યતન અને ઓરડાનું બાંધકામ થાય તેનું નિરીક્ષણ પણ કરવામાં આવે છે.શાળાના બાળકોને ભૌતિક સુવિધા મળે તે માટે હેન્ડપંપો, શૌચાલય,મુતરડી,શાળા કંપાઉન્ડ,વિજળીકરણ વિગેરે સુવિધા ગુજરાત પેટર્ન યોજના હેઠળ આપવામાં આવે છે. આ કામોની ચકાસણી નિરીક્ષણ અત્રેની શિક્ષણ શાળા ધ્વારા થાય છે.જિલ્લામાં ૧૫૦ જેટલા વૈકલ્પિક શાળા કેન્દ્રો શરૂ કરવા માટે આયોજન કરવામાં આવેલ છે. ૪ તાલુકાઓમાં કોમ્પ્યુટર સેન્ટરો તાલુકા કક્ષાએ શરૂ કરવા માટે આયોજન કરવામાં આવેલ છે. અને ગ્રૃપ શાળાઓમાં કોમ્પ્યુટરો આપવામાં આવેલ છે.અને તમામ શાળાઓના ઉપલા ધોરણના બાળકોને કોમ્પ્યુટર શિખવવામાં આવે છે. આ ઉપરાંત  શાળઓમાં

બાયોમેટ્રીક મશીનો મુકવામાં આવે છે.શિક્ષણની ગુણવત્તા સુધારવા અને નુતન પ્રવાહોથી વાકેફ કરવાના હેતુસર તેમજ શિક્ષકોની વ્યવસાયિક સજજતા વધારવા માટે એમ.એસ.એમ. નવા અભિગમની તાલીમ એચઓપીડીની તાલીમ વિજ્ઞાન, પ્રયોગીક શિક્ષણની તાલીમ યોગ્ય સ્કાઉટ ગાઇડ અને તરંગ ઉલ્લાસમય વાતાવરણના અભ્યાસક્રમની તાલીમ આપવામાં આવે છે. શાળામાં ભૌતિક સુધારણા માટે ઇ.ડી.એન. અને ઓપરેશન બ્લેકબોર્ડ ધ્વારા વિવિધ ભૌતિક સાધનો વસાવવા સુધારણા કરવામાં આવે છે.પ્રાથમિક શિક્ષકો શિષ્યવૃત્તિ હિન્દી પરીક્ષા તેમજ પ્રતિભા શોધ સંલગ્ન પરીક્ષાઓ લેવામાં આવે છે. દર વર્ષે વિજ્ઞાન મેળો સાંસ્કૃતિક સ્પર્ધા અને રમતોત્સવનું આયોજન કરી વિદ્યાર્થીઓને અવનવી શોધ વૈજ્ઞાનિક સંશોધન અંગેનું જ્ઞાન અપાય છે. રમતોત્સવ ધ્વારા શારીરીક કૌશલ્ય પ્રગટ કરવાની તક આપી ઇનામો પ્રમાણપત્રો એનાયત કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે. શાળામાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ ઉપરાંત શિક્ષકો ધ્વારા વસ્તી ગણતરી,પલ્સ પોલીયો,સાક્ષરતા, ચુંટણી મતદાર યાદી વિગેરે રાષ્ટ્રીય કામગીરીમાં સંપૂર્ણ સાથ સહકાર આપવામાં આવે છે.શાળામાં તમામ રાષ્ટ્રીય તહેવારો જન્મદિનની ઉજવણીની કાર્યક્રમો યોજવામાં આવે છે. પરીક્ષા સમિતા દ્રારા તજજ્ઞો અને વિષય નિષ્ણાંતો ધ્વારા પ્રશ્નપત્રો તૈયાર કરાવી પ્રશ્નપત્રોની વિવિધ વેંહચણી કરી પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે. આમ શિક્ષણ શાખા ધ્વારા શિક્ષણ ક્ષેત્રે આવી વિવિધ પ્રવૃત્તિ હાથ ધરી શિક્ષણ સ્તરને ઉચું લાવવા તમામ પ્રયત્ન હાથ ધરાયેલ છે.

**સર્વશિક્ષા અભિયાનઃ-**

૬થી૧૪ વર્ષના બાળકોને શિક્ષણ આપવું, શાળા બહારના બાળકોને સ્પેશીયલ તાલીમ આપી શિક્ષણમાં પ્રવૃત કરવુ,શિક્ષણથી વંચીત કન્યાઓને શિક્ષણ પુરૂ પાડી સમાનતા કેળવવી,શિક્ષકોને તાલીમ આપવી,શાળાઓનું મોનીટરીગ અને માર્ગદર્શન પુરૂ પાડવું.

**મહેકમની વિગત**

| અ. | હોદ્દો | મંજુર | ભરાયેલ | ખાલી |
|---|---|---|---|---|
| ૧ | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકાર | ૧ | ૧ | ૦ |
| ૨ | મદદનીશ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી | ૧ | ૦ | ૧ |
| ૩ | હિસાબી અધિકારી | ૧ | ૦ | ૧ |
| ૪ | નાયબ હિસાબનીશ | ૧ | ૦ | ૧ |
| ૫ | નાયબ ચિટનીસ | ૧ | ૦ | ૧ |
| ૬ | સીનિયર કર્લાક | ૨ | ૨ | ૦ |
| ૭ | જુનિયર કર્લાક | ૩ | ૨ | ૧ |
| ૮ | ટાઇપીસ્ટ | - | - | - |
| ૯ | ડ્રાઇવર | ૧ | ૦ | ૧ |
| ૧૦ | પટાવાળા | ૨ | ૦ | ૨ |

## નાણાંકિય જોગવાઇ ,ખર્ચ અને સિદ્દીની વિગત

| અનં | યોજના / જોગવાઇનું  નામ | નાણાંકિય | | | ભૌતિક | | |
|---|---|---|---|---|---|---|---|
| | | જોગવાઇ | ખર્ચ | ટકા | લક્ષ્યાંક | સિદ્દી | ટકા |
| | પ્રાથમિક શિક્ષણ | ૧૫૬૭૫૩૩૦ | ૮૬૮૧૩૩૦ | ૫૫.૩૮ | ૪૫૪૩ | ૪૫૪૩ | ૧૦૦ |

## શાળા પ્રવેત્સવ કાર્યક્રમ દરમ્યાન તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં નામાંકન થયેલ બાળકો વિગત

| અનં | શાળા પ્રવેત્સવ કાર્યક્રમ | તાલુકાવાર નામાંકન કરવામાં આવેલ બાળકો | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | નાંદોદ | ડેડીયાપાડા | સાગબારા | તિલકવાડા | ગરૂડેશ્વર | કુલ |
| | | ૧૧૭૦ | ૨૯૧૧ | ૧૬૫૫ | ૭૬૩ | ૧૦૮૭ | ૭૫૯૪ |

## તાલુકાવાર પ્રાથમિક શાળાઓની વિગત દર્શાવતુ પત્રક

| અનં | વિગત | નાંદોદ | ડેડીયાપાડા | સાગબારા | તિલકવાડા | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | કુલ પ્રા, શાળાઓની સંખ્યા | ૨૬૧ | ૨૧૭ | ૧૦૭ | ૧૦૬ | ૬૯૧ |
| ૨ | સરકારી પ્રા, શાળાઓની સંખ્યા | ૨૬૧ | ૨૧૭ | ૧૦૭ | ૧૦૬ | ૬૯૧ |
| ૩ | ખાનગી પ્રા, શાળાઓની સંખ્યા | ૨૩ | ૭ | ૧૦ | ૧ | ૪૨ |
| ૪ | કુમાર શાળાઓની સંખ્યા | ૧ | ૧ | ૨ | ૦ | ૪ |
| ૫ | કન્યા શાળાઓની સંખ્યા | ૦ | ૧ | ૨ | ૧ | ૪ |
| ૬ | ૧થી ૪ ધોરણવાળી શાળાઓ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | ૧થી ૫ધોરણવાળી શાળાઓ | ૯૨ | ૧૨૩ | ૩૩ | ૫૮ | ૩૦૬ |
| ૮ | ૧થી ૬ ધોરણવાળી શાળાઓ | ૨ | - | - | ૧ | ૩ |
| ૯ | ૧થી ૭  ધોરણવાળી શાળાઓ | ૬૨ | ૧૩ | ૧૧ | ૧૩ | ૯૯ |
| ૧૦ | ૧થી ૮ ધોરણવાળી શાળાઓ | ૧૦૫ | ૮૧ | ૬૩ | ૩૪ | ૨૮૩ |
| ૧૧ | મંજુર થયેલ શિક્ષકો સંખ્યા | ૧૧૯૭ | ૧૦૧૪ | ૫૭૮ | ૩૯૫ | ૩૧૮૪ |
| ૧૨ | ભરાયેલ  શિક્ષકો સંખ્યા | ૧૦૫૧ | ૯૨૦ | ૫૦૪ | ૩૬૫ | ૨૮૪૦ |
| ૧૩ | કેટલા નવા ઓરડા બનાવ્યા | ૧૩ | ૧૪ | ૧ | ૪ | ૩૨ |
| ૧૪ | કેટલા શિક્ષક નિવાસ બાંધવામાં આવ્યા | ૬ | ૮ | ૪ | - | ૧૮ |
| ૧૫ | કેટલી શાળાઓમાં શાળા પ્રવેત્સવ કાર્યક્રમ યોજવામાં આવ્યો | ૨૬૧ | ૨૧૭ | ૧૦૭ | ૧૦૬ | ૬૯૧ |
| ૧૬ | કેટલી શાળાઓમાં ગુણોત્સવ કાર્યક્રમ યોજવામાં આવ્યો | ૧૩૮ | ૧૨૬ | ૬૦ | ૬૦ | ૩૮૪ |

## પ્રકરણ-૧૯

## સમાજ કલ્યાણ શાખા

સને-૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ નર્મદા જિલ્લાની કુલ વસ્તી ૫,૯૦,૨૯૭ છે તે પૈકી અનુ. જાતિની વસ્તી ૮,૭૩૩ છે. અનુ.જાતિઓમાં મુખ્યત્વે ચમાર,વણકર,ગરોડા,રોહિત,ભંગી જાતિઓનો સમાવેશ થાય છે. સમાજ કલ્યાણ ખાતા હસ્તક મુકાયેલ યોજનાઓને મુખ્યત્વે ત્રણ ભાગમાં વહેંચવામાં આવે છે.

**૧. શૈક્ષણિક યોજનાઓ.**

**૨. આર્થિક ઉત્કર્ષની યોજનાઓ.**

**૩. આરોગ્ય અને ગૃહ નિર્માણની યોજનાઓ.**

**૧. શૈક્ષણિક યોજનાઓ :-** સમાજના પછાત તેમજ નબળા વર્ગના લોકોને અન્ય વર્ગની હરોળમાં વિકાસશીલ ગતિમાં લાવી શકાય તે માટે સરકારશ્રીએ તેઓને શૈક્ષણિક સવલતો પુરી પાડવા માટે શિક્ષણની વિવિધ યોજનાઓ અમલમાં મુકેલ છે. સમાજના પછાત તેમજ નબળા વર્ગના બાળકોને શિક્ષણ મળવાથી પોતાના હિતોને રક્ષા કરવાના અધિકારો ભોગવવા અને માનવતાભર્યુ સ્થાન પ્રાપ્ત કરવા માટે શિક્ષણએ પાયાની જરૂરીયાત છે. અનુ. જાતિઓમાં અતિપછાત તરીકે ગણાતી ભંગી, નાડીયા, સેનવા, તુરી, ગરોડા, વણકર, સાધુ, હરિજન બાવા જાતિઓના વિદ્યાર્થીઓને ખાસ પ્રોત્સાહક શિષ્યવૃત્તિ આપવાની યોજના અમલમાં છે.

**શિક્ષણ ફી :-** રાજયમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મફત આપવામાં આવે છે. આમ છતાં સરકાર માન્ય ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવતી વખતે પ્રવેશ ફી અને સત્ર ફી લેવામાં આવે છે. આ ફીની રકમ વિદ્યાર્થીએ ન ભરવી પડે તે માટે સમાજ કલ્યાણ ખાતા તરફથી આવક મર્યાદાને ધ્યાનમાં લઇને જે તે માધ્યમિક શાળાઓને મોકલી આપવામાં આવે છે. એક વખત નાપાસ થનાર વિદ્યાર્થીઓને આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે પોતાનો અભ્યાસ ટુંકાવે નહી તે માટે બીજા વર્ષે પણ તેજ ધોરણની શિક્ષણ ફી આપવામાં આવે છે.

**પરીક્ષા ફી :-** પછાત વર્ગના વિદ્યાર્થીઓને એસ.એસ.સી.કે તેની સમકક્ષ બોર્ડની અન્ય સંસ્થાની સરકાર માન્ય પરીક્ષા ફી વિદ્યાર્થીના માતા પિતા કે વાલીની વાર્ષિક આવક ધ્યાનમાં લીધા સિવાય પરિક્ષા ફી આપવામા. આવે છે. એકથી વધુ વખત નાપાસ થનારને આ પરિક્ષા ફી આપવામાં આવતી નથી.

